# ગાંધીનગરના નયન મધુકરને બેસ્ટ લાયન્સ ક્લબ સેક્રેટરીનો એવોર્ડ



ગાંધીનગર, તા. ૨૫

સેવા ક્ષેત્રમાં અગ્રણી સંસ્થા લાયન્સ ઈન્ટરનેશનલ દ્વારા દરેક ડિસ્ટ્રીક્ટમાં શ્રેષ્ઠ કામગીરી માટે મુખ્ય હોદ્દેદારોને એવોર્ડથી નવાજવામાં આવે છે. જેમાં લાયન્સ ક્લબની ૮૨ શાખાઓ પૈકી લાયન્સ ક્લબ ગાંધીનગરમાં ૨૦૧૨-૧૩ના વર્ષમાં સેક્રેટરી પદે સેવા આપી ચૂકેલા સેક્ટર-૩ના નયન મધુકરને બેસ્ટ ક્લબ સેક્રેટરીના એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે.

આ પસંદગી પ્રક્રિયા બાદ અમદાવાદ ખાતે યોજાયેલા એવોર્ડ સમારંભમાં પાટનગરના સેવાભાવી યુવાન નયન મધુકરને બેસ્ટ લાયન્સ ક્લબ સેક્રેટરીનો એવોર્ડ લાયન્સ ક્લબ ઈન્ટનેશનલના પાસ્ટ ઈન્ટરનેશનલ પ્રેસીડેન્ટ રોહિત મહેતાના વરદ હસ્તે એનાયત કરાયો હતો. આ એવોર્ડના કારણે નયન મધુકરને લાયન્સ ક્લબ, ગાંધીનગરના પ્રમુખ રૂચિર ભટ્ટ, સેક્રેટરી પિયુષ શાહ તથા વર્ષ ૨૦૧૨-૧૩ના લાયન્સ પ્રમુખ અનિલ જયસિંઘાણી, ટ્રેઝરર હેમલ કોઢિયા સહિત સમગ્ર લાયન્સ પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# જી.ઈ.બી.થી સ્મશાન તરફનો માર્ગ ઉબડ - ખાબડ : નાગરિકો ત્રસ્ત

ગાંધીનગર, તા. ૨૫

જીઈબીથી સ્મશાન તરફનો માર્ગ ઉબડ-ખાબડ બનતા નાગરિકો તોબા પોકારી ગયા છે. અંદાજિત ૨ કિ.મી.ના આ માર્ગ પર ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. આ માર્ગ પર ભારે વાહનોની અવરજવર પણ વિશેષ હોવાથી માર્ગની હાલત વધુ કફોડી બની છે.

શહેરના સેક્ટરોમાં જૂના અને નવા સેક્ટરોમાં તદ્દન વિપરિત સ્થિતિ છે. નવા સેક્ટરોમાં માર્ગ નવીનીકરણનું કામ પૂર્ણ થતાં મોટાભાગના રસ્તાઓ ચકાચક બની ગયા છે. પરંતુ જૂના સેક્ટરોમાં પાંચ વર્ષના લાંબા સમયગાળા બાદ રસ્તાઓ કાચબાની પીઠ જેવા થઈ ગયા છે.

આ ઉપરાંત સ્મશાન તરફ જવાનો માર્ગ પણ ઉબડ-ખાબડ બનતા નાગરિકોએ પારાવાર હાલાકી વેઠવી પડે છે. જી.ઈ.બી.થી સ્મશાન તરફ જવાના માર્ગ પર ભારે વાહનોની અવરજવર પણ વિશેષ રહે છે. આ માર્ગ પરથી લોડીંગ ટ્રક્સ પણ પસાર થતી હોવાથી માર્ગ પર ખાડા પડી ગયા છે. જ્યારે સતત વરસાદના લીધે છેલ્લા કેટલાક સમયથી ખરબચડા રસ્તા પર અવરજવર કરવાનું વધુ મુશ્કેલ બન્યું છે.

અંતિમધામ તરફનો આ માર્ગ ચકાચક બનાવવા નાગરિકોમાં પ્રબળ માંગ ઉઠવા પામી છે. ચોમાસા બાદ ત્વરિત માર્ગ બનાવવાનું કામ હાથ ધરવાની અનિવાર્યતા છે.

# આજે મહાત્મા મંદિર ખાતે મેનગ્રુવ ઈકોસિસ્ટમની જાળવણી અંગે પરિસંવાદ

ગાંધીનગર, તા. ૨૫

ઈન્ટરનેશનલ મેનગ્રુવ ડે ની ઉજવણી પ્રસંગે ગુજરાત ઈકોલોજી કમિશન ગાંધીનગર, મેનગ્રુવ ઈકોસિસ્ટમની જાળવણી વિષયે મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે તા. ૨૬ અને ૨૭ જુલાઈના રોજ બે દિવસની આંતરરાષ્ટ્રીય વર્કશોપનું આયોજન કરી રહી છે. ગુજરાત ઈકોલોજી કમિશનની આ વર્કશોપ ઈન્ટરનેશનલ સોસાયટી ફોર મેન્ગ્રુવ ઈકોસિસ્ટમ, ઓકીનાવા જાપાન, મેન્ગ્રુવ સોસાયટી ઓફ ઈન્ડીયા, ગોવા અને ભારત સરકારના વન અને પર્યાવરણ મંત્રાલયના સહયોગથી યોજાઈ રહી છે. આ વર્કશોપમાં વાતાવરણના પરિવર્તનમાં મેન્ગ્રુવ ઈકોસિસ્ટમની ભૂમિકા મેન્ગ્રુવ ઈકો સિસ્ટમની જાળવણીની વ્યુહરચના, મેનગ્રુવની જાળવણીમાં સામુદાયીક સહયોગ અને ગુજરાતમાં મેન્ગ્રુવની જાળવણી અને તેની વ્યવસ્થા ઉપરાંત જાળવણી માટે સંશોધન અંગે પણ ચર્ચા થશે. આ વર્કશોપનું ઉદ્‌ઘાટન ગુજરાત સરકારના વન અને પર્યાવરણ પ્રધાન શ્રી ગણપતસિંહ વસાવાના હસ્તે સવારે ૧૦.૦૦ વાગે થશે. આ પ્રસંગે વન અને પર્યાવરણ વિભાગના રાજ્યકક્ષાના પ્રધાન શ્રી ગોવિંદભાઈ પટેલ મુખ્ય મહેમાનપદ શોભાવશે. ગુજરાત સરકારના મુખ્ય સચિવ શ્રી વરેશ સિંહા આ પ્રસંગે ગેસ્ટ ઓફ ઓનર તરીકે હાજરી આપશે. આ વર્કશોપની સમાપન બેઠકમાં રિબબ્લીક ઓફ બંગલાદેશના હાઈ કમિશનર પણ હાજર રહેશે.

જાપાન, ઓસ્ટ્રેલિયા, મલેશિયા, થાઈલેન્ડ, ઈન્ડોનેશિયા અને અન્ય દેશોના પર્યાવરણ વૈજ્ઞાનિકો આ વર્કશોપમાં હાજરી આપશે. ગુજરાતના ૭૫ થી વધુ પર્યાવરણવિદો અને મહારાષ્ટ્ર, ગોવા, આંધ્રપ્રદેશ, તામિલનાડુ, કર્ણાટક, કેરાલા, ઓડીશા અને પશ્ચિમ બંગાળના આ વિષયના ૮૦ જેટલા નિષ્ણાતો હાજરી આપશે અને મેન્ગ્રુવની જાળવણી અંગે પોતાના અનુભવોનું આદાનપ્રદાન કરશે.

# સે-૧૬માંથી રૂપિયા ભરેલી બેગની ચિલ ઝડપ કરી જનાર ગઠીયો પકડાયો

## બે દિવસ પહેલા રૂ. ૩૬ હજાર ભરેલી બેગ આંચકી હતી : ચિલ ઝડપ પહેલા બાઈકને પંચર કર્યું હતું

ગાંધીનગર, તા.૨૫

શહેરનાં સેક્ટર-૧૬ ખાતે બે દિવસ અગાઉ એક કર્ચમારીના બાઈકને પંચર કરી નાંખી કોઈ શખ્સોએ કર્મચારીના હાથમાંથી રૂપિયા ભરેલી બેગની ચિલઝડપ કરી લીધાની ઘટના બનવા પામી હતી. આ ગુનામાં ગાંધીનગર એલસીબી પોલીસે ઊંડાણપૂર્વક તપાસ કરીને આરોપીની ધરપકડ કરી લીધી છે. બેગમાં રૂ. ૩૬ હજાર રોકડા હતા અને જે કંપનીમાં નોકરી કરે છે તે કંપનીના રૂપિયા હોવાનું ફરિયાદીએ જણાવ્યું છે. આરોપીની ધરપકડ કરીને એલસીબીએ સઘન પુછપરછ શરુ કરી છે અને ગુનાહીત ઈતિહાસ ધરાવે છે કે કેમ તેની પણ તપાસ ચાલી રહી છે.

બે દિવસ પહેલા પેથાપુરના કિર્તિરાજ ફલેટમાં રહેતા ભુપેન્દ્રસિંહ વિમલભાઈ સોલંકી તેમના કંપનીના રૂપિયા એક કાળી બેગમાં ભરીને સે-૧૬ શાલીમાર વિસ્તારમાં ગયા હતાં. બેગમાં રૂ. ૩૬ હજાર રોકડા હતાં. સે-૧૬માં કામ પતાવીને ભુપેન્દ્રસિંહ પાર્કિંગ પાસે તેમના બાઈક પાસે પહોંચ્યા તો તેમનું બાઈક પંચર પડેલું હતું. બાઈકને દોરીને પંચર કરાવવાના સ્થળ સુધી લઈ જઈ રહ્યા હતા તે દરમિયાન એક શખ્સ તેમના હાથમાંથી રૂ. ૩૬ હજાર રોકડા ભરેલી બેગ આંચકીને ચિલઝડપ કરી ભાગી ગયો હતો. આ ગુનાની જાણ થતા ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમે આરોપી સુધી પહોંચવા દોડધામ શરુ કરી દીધી હતી. દરમિયાન જ ચિલઝડપ કરી જનાર શખ્સે સે-૨૫ જીઆઈડીસી ખાતેથી આજે ઝડપાઈ ગયો છે. એલસીબીની ટીમે કલોલ તાલુકાના આમજા વિસ્તારમાં રહેતા ગઠીયા પટેલ મહેશ બાબુભાઈની ચિલઝડપના ગુનામાં ધરપકડ કરી લીધી છે અને ઊંડી તપાસ શરુ કરી છે. મળતી વિગત મુજબ આરોપી શખ્સ માર્કેટીંગ લાઈનમાં નોકરી કરે છે અને તેણે જ ચિલઝડપ કરવા માટે બાઈકને પંચર કર્યું હોવાનું જાણવા મળ્યું છે.

# બીબીએ કોલેજમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૫

બી.પી. કોલેજ ઓફ બી.બી.એ. ગાંધીનગર દ્વારા ગત તારીખ ૨૨ જુલાઈ-૨૦૧૩ને સોમવારના રોજ ગુરુપૂર્ણિમા કાર્યક્રમ નિમિત્તે કોલેજના વિદ્યાર્થીઓ માટે ગુરુપૂજન તેમજ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ફાર્મસી હોલમાં બપોરના ૧૨.૩૦ થી સાંજના ૪ વાગ્યા સુધી યોજવામાં આવેલા આ કાર્યક્રમમાં આશરે ૪૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે જયદિપ જોશી, દ્વિતીય ક્રમે કિરીટ સોલંકી તેમજ તૃતિય ક્રમે તુષાર ખેર વિજયી રહ્યા હતા. કાર્યક્રમના સુત્રધાર તરીકે વિદ્યાર્થિની કુ. મિનલ પટેલે જવાબદારી સંભાળી હતી. કોલેજ તરફથી આ કાર્યક્રમનું આયોજન પ્રો. નીરવ જોષીએ કર્યુ હતુ. નિર્ણાયક તરીકે રાકેશ ભટનાગરે સેવા આપી હતી.

# છરીની અણીએ કિશોરીને ઉપાડી જઈ લાજ લૂંટવાનો પ્રયાસ

## ટાટા ચોકડીથી બળજબરીપૂર્વક બાઈક પર બેસાડી યુવાન શખ્સ ઝાડીઓમાં લઈ ગયો હતો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરમાં રહેતી ૧૬ વર્ષિય કિશોરી બપોરના અરસામાં ટાટા ચોકડી પાસે ઉભી હતી તે દરમ્યાન બાઈક પર આવેલો એક યુવાન શખ્સ કિશોરી પાસે ઉભો રહી ગયો અને રસ્તો બતાવવાના બહાને નજીક જઈને છરીની અણીએ બળજબરીપૂર્વક બાઈક પર બેસાડી દઈ અપહરણ કરી લીધુ હતું. સેક્ટર-૨૫ની ઝાડીઓમાં લઈ જઈ લાજ લેવાનો પ્રયત્ન કરી કિશોરીની પીઠે બચકા ભરીને ટાટા ચોકડી પાછો મુકી ગયો હતો અને ત્યાથી ફરાર થઈ ગયો હતો. સે. ૨૧ પોલીસે સગીરાની ફરીયાદને આધારે ગુનો નોંધી આરોપીને શોધી કાઢવા ઉંડી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ શહેરમાં રહેતી ૧૬ વર્ષની સગીરા બપોરે ૧ વાગ્યાના અરસામાં ટાટા ચોકડી પાસે ઉભી હતી. એક બાઈક પર અજાણ્યો યુવાન શખ્સ આવ્યો અને ક્રાઉન ચોકડી ક્યાં આવી ? સરનામુ પુછવાના બહાને નજીક આવ્યો અને છરી નીકાળી કિશોરી સામે ધરી દીધી હતી. બળજબરીપૂર્વક મોઢા પર દુપટ્ટો બંધાવી દઈને બાઈક પર બેસાડી દીધી હતી. બાઈકમાં કિશોરીનું અપહરણ કરીને સે. ૨૫ની ઝાડીઓમાં યુવાન શખ્સ લઈ ગયો હતો અને યુવાને પોતાનો સર્ટ ઉતારી કિશોરીને બાથમાં લઈ લીધા બાદ પીઠે બચકાઓ ભર્યા હતા અને લાજ લેવાનો પ્રયાસ કર્યો હતો. તે દરમ્યાન એ યુવાનને કોઈનો ફોન આવ્યો હતો ત્યારે કહેતો હતો કે ચિરાગ બોલુ છુ, ચિરાગ નામનો કોઈ શખ્સ આ કૃત્ય આચરનારા હોવાનું મનાઈ રહ્યું છે. દુષ્કૃત્ય કરવાના ઈરાદે કિશોરીનું અપહરણ કરીને લાજ લુટવાનો પ્રયાસ કરનાર શખ્સ અડધો કલાક બાદ બાઈક પર ટાટા ચોકડી પરત મુકી ગયો હતો. સે. ૨૧ પોલીસે ભોગ બનનાર કિશોરીની ફરીયાદને આધારે ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

# જયા પાર્વતી પર્વનું જાગરણ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું

## શહેરના જાહેર સ્થળોએ મોડીરાત સુધી ભીડ જામી : પોલીસની પી.સી.આર. વાને સઘન પેટ્રોલીંગ કર્યું

ગાંધીનગર, તા. ૨૫

જયા પાર્વતનીના વ્રતના જાગરણ નિમિત્તે શહેરમાં રાત્રી રોનકનો નજારો નિખર્યો હતો. શહેરના ઉદ્યાનો, સિનેમા ગૃહો, આઈસ્ક્રીમ પાર્લરો અને બાળનગરીમાં નગરજનોની ભીડ જામી હતી. બીજી તરફ જિલ્લા પોલીસ તંત્ર દ્વારા જાગરણને અનુલક્ષીને નાઈટ પેટ્રોલીંગ સઘન બનાવતા કોઈ અનિચ્છનિય બનાવ બનવા પામ્યો ન હતો. શહેરીજનોએ આનંદ ઉલ્લાસના વાતાવરણમાં જાગરણની મજા માણી હતી. બુધવારે જયા પાર્વતી વ્રતના જાગરણ નિમિત્તે શહેરમાં મોડી રાત સુધી અનોખુ ચેતન જોવા મળ્યું હતું. શહેરના માર્ગો પર વાહનોની સતત અવરજવરના લીધે મોડી રાતે પણ ટ્રાફીકનો ધમધમાટ જોવા મળ્યો હતો. બીજી તરફ નગરના બગીચાઓ જેમાં મુખ્યત્વે સ્વર્ણિમ પાર્ક અને ઘ-૪ વિસ્તારમાં નાગરિકોની ભીડ જોવા મળી હતી. રાત્રી દરમ્યાન વરસાદે પણ વિરામ લેતા વ્રતધારણ યુવતિઓએ જાહેર સ્થળો પર પરિવારજનો સાથે સમય વિતાવી જાગરણ કર્યું હતું. શહેરના આઈસ્ક્રીમ પાર્લરો ઉપર પણ ટોળા જોવા મળ્યા હતા. જ્યારે સિનેમા ગૃહોના શૉ પણ હાઉસફૂલ ગયા હતા. બીજી તરફ આડા દિવસોમાં નિરસ ભાસતી બાલ નગરીમાં પણ મોટી ભીડ જોવા મળી હતી. જાગરણ નિમિત્તે શહેરમાં મોડી રાત સુધી અનોખો ધમધમાટ જોવા મળ્યો હતો. જયા રાત્રી દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસ તંત્ર દ્વારા પણ જાહેર સ્થળો પર સતત પેટ્રોલીંગ કરવામાં આવતુ હતુ. પોલીસની પી.સી.આર. વાન શહેરના વિવિધ માર્ગો પર રાઉન્ડ લગાવી બાલનગરી, બગીચાઓ અને સ્વર્ણિમ પાર્ક સહિતના વિસ્તારોમાં વોચ રાખતી હતી. જેના પરિણામે જાગરણની રાત્રી દરમ્યાન શહેરમાં કોઈ અનિચ્છનિય બનાવ બન્યો ન હતો. શાંતિપૂર્ણ વાતાવરણમાં શહેરીજનોએ રંગેચંગે જાગરણની ઉજવણી કરી હતી.

# નોખી માટીના માનવી પુસ્તક વિમોચન કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતી સાહિત્યનાં સમર્થ સર્જક એવા પ્રકાશભાઈ લાલા દ્વારા સ્વર્ગસ્થ કાન્તિભાઈ હરદાનભાઈ બારોટના જીવન ચરિત્ર અંગેના પુસ્તક 'નોખી માટીના માનવી'નો તાજેતરમાં વિમોચન કાર્યક્રમ યોજાયો.

નોખી માટીના માનવી પુસ્તકમાં કાન્તિભાઈના નાનપણથી લઈ મોટા થવા સુધીના જીવનના જુદા જુદા તબક્કાઓને સરળ ભાષામાં આવરી લેવામાં આવ્યા છે. તેમના દીકરા દિનેશભાઈ અને ડૉ. દિપક બારોટ પુસ્તકના પરામર્શક છે.

સમાજના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ જેમ કે, એક્સ એમ.એલ.એ. ગોધરા હરેશભાઈ ભટ્ટ, ગુજરાતની ખ્યાતનામ અખંડાનંદ આયુર્વેદિક કોલેજના ભૂતપૂર્વ પ્રિન્સિપાલ અને ભારતના જાણીતા રાજવેદ ડૉ. માલદાનભાઈ બારોટ, ગુજરાત પત્રકાર પરિષદના પ્રમુખ અને ગુજરાત જનરલના તંત્રી બાબુભાઈ પ્રજાપતિ અને માજી સૈનિક કલ્યાણ મંડળના પ્રમુખ બાબાભાઈ પ્રજાપતિની હાજરીમાં પિતૃવંદનાનો કાર્યક્રમ ખૂબ જ ઉમળકાભેર સંપૂર્ણ થયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં તેમના જીવનચરિત્ર પર આધારિત પુસ્તક 'નોખી માટીના માનવી કાન્તિભાઈ બારોટ'નું વિમોચન તેમના ધર્મપત્નિ ગં.સ્વ. મુક્તાબેન બારોટના વરદ હસ્તે થયું હતું. તથા ગાંધીનગર માજી સૈનિક કલ્યાણ મંડળ દ્વારા સ્વર્ગસ્થનું મરણોત્તર સન્માન કરવામાં આવ્યું હતું. અંતમાં સ્વ. પિતાશ્રીની યાદમાં તેમના પુત્રો દિનેશભાઈ અને ડૉ. દિપકભાઈ બારોટ દ્વારા એક સેવા ટ્રસ્ટ 'કર્મયોગ'ની પણ સ્થાપનાની જાહેરાત કરવામાં આવી હતી જે ટ્રસ્ટ, શિક્ષણ અને આરોગ્ય કેળવણીના ક્ષેત્રમાં સેવા કાર્ય પુરૂ પાડશે.

# સીસીસી પરીક્ષામાં ૫૫ વર્ષે મુક્તિના ઠરાવથી પ્રાથમિક શિક્ષકોમાં આનંદની લાગણી : ચંદુલાલ જોષી

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત સરકારની ગવર્મેન્ટ નીતિ અનુસાર અને સા. વહીવટ વિભાગના ૨૦૦૬ના ઠરાવ પ્રમાણે સરકારી કર્મચારીઓ અને અધિક સચિવોને બઢતી અને ઉચ્ચત્તર ગ્રેડ માટે કોમ્પ્યુટર કૌશલ્યની સી.સી.સી. અને સી.સી.સી.+ ની પરીક્ષા ઉત્તિર્ણ કરવાની થાય છે. પરંતુ ખાસ કરીને વર્ગ-૩ અને ૪ના કર્મચારીઓને આ પરીક્ષા અંગે મુશ્કેલીઓ અને મુંઝવણ હોવાના કારણે આ અંગે કર્મચારી મહામંડળ દ્વારા અને સમયાંતરે લેખિતમાં મહામંડળો દ્વારા માંગણી કરવામાં આવેલ હતી. જે માંગણી પરત્વે મુખ્યમંત્રીશ્રી અને અગ્ર સચિવશ્રી અને સરકારશ્રીએ કર્મચારીઓ અને પ્રાથમિક શિક્ષક પ્રત્યે ઉદાર વલણ અપનાવી ૫૫ વર્ષ પુરા કરનાર કર્મચારી પ્રાથમિક શિક્ષકને સી.સી.સી. પરીક્ષામાંથી મુક્તિ આપવાનો તા. ૨૨-૭-૨૦૧૩ના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવને આવકારીએ છીએ અને સાથે સાથે રાજ્યના ઘણા બધા પ્રાથમિક શિક્ષકોની બઢતી, નિવૃત્તિ અને ઉચ્ચત્તર ગ્રેડ માટેની ખૂબ જ મોટી સમસ્યા અને મુશ્કેલીઓ ઉપરોક્ત ઠરાવ દ્વારા દૂર કરવાથી ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના બે લાખ શિક્ષકો વતી પ્રમુખશ્રી ચંદુલાલ જોષી અને મહામંત્રીશ્રી બળદેવભાઈ ચૌધરી હૃદયથી આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ. વધુમાં જે કર્મચારીઓ બઢતી ઉચ્ચત્તર પગાર ધોરણ તા. ૩૦-૬-૨૦૧૩ સુધી શરતી મેળવેલ હોય તેઓએ તા. ૩૧-૧૨-૨૦૧૩ સુધી સી.સી.સી. પરીક્ષા પાસ કરવાની રહેશે તેવું ઠરાવમાં જોગવાઈ કરવામાં આવેલ છે. તે માટેની પણ તૈયારી કરવા જણાવવામાં આવેલ છે તેમ ગુજરાત શિક્ષક સંઘની યાદી દ્વારા જણાવવામાં આવેલ છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૪

સૂર્યાસ્ત : ૭.૧૬

## તાપમાન

મહત્તમ : ૨૯.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૬.૮ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૬ ટકા ● સાંજે ૯૨ ટકા

વરસાદ ૧૧ મીમી

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ધ વોલ્વેરીન (હિન્દી) : ૯.૦૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

નશા : ૧૧.૪૫

: સ્ક્રીન-૨ :

ઈશ્ક : ૯.૧૫

ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૦૦, ૩.૩૦, ૧૦.૦૦

ડી-ડેય : ૭.૦૦

: સ્ક્રીન-૩ :

ભાગ મિલ્ખા ભાગ : ૯.૧૫

બજાતે રહો : ૧૨.૪૫, ૫.૪૫, ૧૦.૪૫

ઈશ્ક : ૩.૦૦, ૮.૦૦

: સ્ક્રીન-૪ :

રમૈયા વસ્તાવૈયા : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫

ભાગ મિલ્ખા ભાગ : ૬.૧૫, ૯.૪૫

### સૂર્યા, વાવોલ

ઈશ્ક : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ઈશ્ક : ૧૦.૩૦, ૧૦.૦૦

નશા : ૧.૩૦

બજાતે રહો : ૪.૦૦, ૭.૦૦

: સ્ક્રીન-૨ :

રમૈયા વસ્તાવૈયા: ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

બજાતે રહો : ૧૦.૦૦

ઈશ્ક : ૧૨.૦૦, ૫.૩૦, ૭.૩૦

નશા : ૩.૦૦

### ચિરાગ, કલોલ

ઈશ્ક : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- કિરણબેન ભટ્ટના નિવાસ સ્થાન પ્લોટ નં. ૮૭૯/૨, સેકટર-૫/સી, બપોરે ૨.૩૦ કલાકે આનંદનો ગરબો યોજાશે.

## આપની આજ

**મેષ** : શુભ મંગળકાર્યોનો યોગ. લાભનો માર્ગ મોકળો બનતો જણાય. નોકરીમાં સહકર્મચારીઓ, મિત્રોનો સાથ- સહકારી મળી રહે. ધર્મમાં આસ્થા વધશે.અટવાયેલા કાર્યોનું નિરાકરણ આવી શકે.

**વૃષભ** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. જીવનમાં વિવિધતા પૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે.

**મિથુન** : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. નોકરીમાં પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. ઋણથી મુક્ત થઈ શકો છો. કાર્યક્ષેત્રમાં મિત્રોનો સાથ સહકાર મળી શખે છે. આર્થિક લાભની તક મળી શકે છે.

**કર્ક** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાનો યોગ. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થશે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. ચિંતાથી મુક્તિ મળી શકે છે. સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે.

**સિંહ** : જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિની સંભાવના છે. ધર્મ-આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતતનો યોગ. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગીદારી સંબંધી વિવાદ ઉભો થઈ શકે છે.

**કન્યા** : આવકનાં સ્ત્રોતોમાં ભાગ્યવર્ધક વૃદ્ધિ થઈ શકે છે. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ મળી શકે છે. ચિંતાઓમાંથી બહાર આવવાનો માર્ગ મળી શકે છે. કુંટબમાં ઉભી થયેલી સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે.

**તુલા** : સંચિત ધનમાં વૃદ્ધિ થશે. સામાજિક માન- સન્માનમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં પ્રતિષ્ઠામાં વધારો અપાવી શકે છે.

**વૃશ્ચિક** : સમસ્યાઓ પર વિશિષ્ટ ચિંતનનો યોગ. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા છે. વિદ્યાર્થીવર્ગને દિવસ આનંદમય રીતે પસાર થશે.

**ધન** : કલાત્મકક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્યો થઈ શકે છે. વેપાર ક્ષેત્રમાં થયેલ પ્રવાસ લાભદાયી નીવડી શકે છે. અટકાયેલા નાણાં પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક જવાબદારીઓની ચિંતા હળવી બને. ધાર્મિક ક્ષેત્રે આસ્થા વધશે.

**મકર** : આર્થિક મહત્વનાં વિશેષ કાર્યો પૂર્ણ કરવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. નોકરીમાં ઉપરવર્ગના અધિકારીઓ સાથે વાદવિવાદ ઉભો થતો હોય તેવી બાબતોથી દૂર રહેવું. ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે.

**કુંભ** : વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. ભૂમિ- સંપતિના સોદામાં લાભ થવાની સંભાવના છે.

**મીન** : નકામો તનાવ, મુશ્કેલીઓના ભારણ નીચે દબાતા હોવાનો અનુભવ થતો જણાય.અનુભવીનું માર્ગદર્શન લેવું. અથાગ પ્રયત્ન કરવા છતાં ઓછો લાભ મળી શકે.

## ચિરવિદાય

- સ્વ. વિભાબેન લાલજીભાઈ પટેલ (ઉ.વ. ૩૫) મુ.પો. છાલા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. જયંતિભાઈ શંકુભાઈ સોલંકી (ઉ.વ. ૫૩) ઘર નં. ૩૫/૧૩, છ-ટાઈપ, સેકટર-૨૦, ગાંધીનગર.
- સ્વ. લક્ષ્મણજી ચૂંથાજી ઠાકોર (ઉ.વ. ૯૫) મુ.પો. મુબારકપુર, તા. કલોલ, ગાંધીનગર.
- સ્વ. મંજૂલાબેન જશુભાઈ દરજી (ઉ.વ. ૬૦) બ્લોક નં. ૬/૪૪, શ્રીનગર સોસાયટી, સેકટર-૨૪, ગાંધીનગર.